## હાંસોટમાં વાહન ચોરોનો ભાગવાનો ‘સ્ટંટ’ ફ્લોપ, પોલીસે દોડીને પકડ્યા

**બાઈકનો** નંબર નહોતો ને જવાબ ગોળ-ગોળ આપતા હતા

**પોલીસે** એન્જિન નંબર ચકાસ્યો ને ખેલ ઉઘાડો પડી ગયો

ભરૂચઃ હાંસોટ પોલીસે વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલી બે શખ્સને ઝડપી પાડ્યા હતા. પોલીસની વાહન ચેકિંગ કામગીરી દરમિયાન બંને શખ્સે પોલીસથી બચવા ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસે પીછો કરી બંનેને ઝડપી પાડ્યા હતા. સમગ્ર ઘટનાનો વિડીયો પણ સામે આવ્યો હોવાનું જાણવા મળ્યુ છે. હાંસોટ સર્કલ નજીક પોલીસ દ્વારા વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું હતું. દરમિયાન નંબર પ્લેટ વગરની શંકાસ્પદ બાઈક આવતાં પોલીસે તેને અટકાવી તેના દસ્તાવેજો માંગ્યા હતા. બાઈક પર સવાર બંને શખ્સો સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. જેથી પોલીસે બાઈકનો એન્જિન નંબર તથા ચેસીસ નંબર ઈ-ગુજકોપમાં તપાસતાં બાઈક હાંસોટ પોલીસ મથકમાં નોંધાયેલા વાહન ચોરીના ગુનામાં ચોરાયેલી હોવાનું સામે આવ્યું હતું.

બાઈક ચોરીની હોવાનું ખૂલતા પોલીસે કાર્યવાહી શરૂ કરતાં બંને શખ્સે ત્યાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસે તાત્કાલિક પીછો કરી બંનેને ઝડપી પાડ્યા હતા. પોલીસે ઝડપાયેલા મનોજ ભીખુ રાઠોડ અને પ્રવીણસિંહ અરવિંદસિંહ રાઠોડ (બંને રહે.,કોસંબા, સુરત)ને કાયદેસરની કાર્યવાહી માટે હાંસોટ પોલીસ મથકે લઈ જઈ કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે આ ગુનામાં પાર્થભાઈ નામનો શખ્સ વોન્ટેડ હોવાનું જાણવા મળ્યું છે.

## નિધિ પટેલના હત્યારા જલદી કાયદાના સકંજામાં હશેઃ સુરત રેન્જ આઈજી

**ગોદાવાડીમાં** લૂંટ વિથ મર્ડર કેસમાં એક મહિના બાદ પણ ગુનો ન ઉકેલાતાં રેન્જ IG હરકતમાં



હિતેશ પટેલ

માંડવીઃ માંડવીના ગોદાવાડી ગામે એક મહિના અગાઉ થયેલી ૨૫ વર્ષીય નિધિ પટેલની લૂંટ વિથ હત્યાના મામલામાં હજુ સુધી કોઈ કડી ન મળતાં સુરત રેન્જ આઈજી પ્રેમવીર સિંઘે ઘટના સ્થળની મુલાકાત લીધી હતી.

ગોદાવાડી ગામે બરાબર એક મહિના પહેલા ૨૫ વર્ષીય યુવતી નિધિ પટેલની ઘાતકી હત્યા થઈ હતી. આ ચકચારી ઘટનાને પગલે જિલ્લા એસપી દ્વારા તાત્કાલિક અસરથી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરવામાં આવી હતી. જોકે, એક મહિનો વીતી જવા છતાં નિધિના હત્યારાઓ હજુ પણ પોલીસ પકડથી દૂર છે.

પોલીસ (SIT) દ્વારા આ કેસમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસ દરમિયાન અનેક શકમંદોના નાર્કો ટેસ્ટ અને ડીએનએ (DNA) ટેસ્ટ પણ કરાવવામાં આવ્યા છે. આટલું જ નહીં, પોલીસે એક હજારથી વધુ લોકોના ફિંગરપ્રિન્ટ લઈને પણ તપાસનો ધમધમાટ ચલાવ્યો છે, તેમ છતાં હત્યારાઓ સુધી પહોંચવામાં પોલીસને હજુ સફળતા મળી નથી. આખરે તપાસમાં કોઈ નક્કર પરિણામ ન આવતાં સુરત રેન્જ આઈજી પ્રેમવીર સિંઘ મંગળવારે ગોદાવાડી ગામે પહોંચ્યા હતા. તેમણે સીટ દ્વારા અત્યાર સુધી કરાયેલી તપાસનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત, આઈજી દ્વારા ઘટના સ્થળની બારીકાઈથી તપાસ કરવામાં આવી હતી અને મૃતકના પરિવારજનો સાથે લાંબી પૂછપરછ કરી વિગતો મેળવવામાં આવી હતી. મુલાકાત દરમિયાન ગોદાવાડી ગામે રેન્જ આઈજીની સાથે જિલ્લા એસપી રાજેશ ગઢીયા, એએસપી અક્ષય એન્જિનિયર, એલસીબી પીઆઈ પાચાની સહિત તમામ પોલીસ કાફલો હાજર રહ્યો હતો.

સુરત રેન્જ આઈજી પ્રેમવીર સિંઘે જણાવ્યું હતું કે, પોલીસની ટીમો તમામ દિશામાં અને વૈજ્ઞાનિક ઢબે તપાસ કરી રહી છે. તેમણે પરિવારજનોને અને મીડિયાને ખાતરી આપી હતી કે પોલીસ આ કેસની ખૂબ નજીક છે અને વહેલી તકે આ ગુનાનો ભેદ ઉકેલી હત્યારાઓને કાયદાના સકંજામાં લાવવામાં આવશે તેમ જણાવ્યું હતું.

## ભરૂચમાં પોલ્ટ્રી કોન્ટ્રાક્ટ ફાર્મિંગ કરતા ખેડૂતોની વળતરની માંગ

ભરૂચઃ ભરૂચ જિલ્લામાં પોલ્ટ્રી કોન્ટ્રાક્ટ ફાર્મિંગ સાથે જોડાયેલા ખેડૂતોના શોષણ સામે બોઈલર ઈન્ટિગ્રેશન ફાર્મર એસોસિએશને કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. આવેદનપત્રમાં પોલ્ટ્રી ફાર્મરોને મળતાં વર્તમાન વળતરમાં યોગ્ય વધારો કરવાની પ્રબળ માંગ કરવામાં આવી છે.

એસોસિએશને જણાવ્યું છે કે, રાજ્યના પોલ્ટ્રી કોન્ટ્રાક્ટ ફાર્મિંગ સાથે જોડાયેલા ખેડૂતોને અનેક મુશ્કેલીઓ અને અન્યાયી શરતોનો સામનો કરવો પડી રહ્યો છે. હાલમાં કંપનીઓ દ્વારા પ્રતિ કિલોગ્રામ માત્ર 7 થી 8 રૂપિયા જેટલું જ વળતર આપવામાં આવે છે, જે વર્તમાન મોંઘવારી, વીજળી, મજૂરી, પાણી વગેરેના વધેલા ખર્ચ સામે ખૂબ જ ઓછું છે. આવેદનપત્રમાં વધુમાં જણાવાયું છે કે, સરકારની માર્ગદર્શિકા છતાં, નિયમનું પાલન કરાતું નથી. રોગચાળો કે હવામાનમાં ફેરફાર જેવા કુદરતી કારણોસર નુકસાન થાય ત્યારે પૂરતું વળતર મળતું નથી. ઉલટાનું કંપનીઓ દ્વારા મનસ્વી રીતે દંડ ફટકારાય છે.


### (ટૂંકી મુદતની જાહેર નિવિદા નં-૩ સને. ૨૦૨૬-૨૭)

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી ના.કા.ઇ. (મા×મ) પેટા-વિભાગ માંડવી દ્વારા રહેણાંક/બિન રહેણાંક મકાનોના કામો માટે ઇ ૧ તથા તેની ઉપરની કક્ષાના નોંધણી ધરાવનાર માન્ય ઇજારદારો પાસેથી અત્રેની કચેરીના ૫ લાખ સુધીના ૫ કામો માટે સીલ બંધ ટેન્ડરો રજી.પોસ્ટ એ.ડી. અથવા સ્પીડ પોસ્ટ થી મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની તારીખઃ ૨૮/૦૯/૨૦૨૬ અને પરત મેળવવાની તારીખઃ ૦૫/૧૦/૨૦૨૬ સુધી છે. આ કામોની વિગતવાર નોટિસ કચેરીના નોટિસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. આ નોટિસ અંગેની વધુ માહિતી માટે કચેરીના જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઇજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

નાયબ કાર્યપાલક ઇજનેર
માંડવી (મા×મ) પેટા વિભાગ,
માંડવી

ક્રમાંકઃ માહિતી-સુરત/૬૪૭/૨૦૨૬


## અંકલેશ્વરમાં નકલી વેબસાઈટ અને લિંક મોકલી રૂ.૨.૬૨ લાખ પડાવવાનો પ્રયાસ

**ક્રેડિટ** કાર્ડનો ચાર્જ બંધ કરવાના બહાને યુવતી પાસેથી ઓટીપી પણ મેળવી લીધો

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં નોકરી કરતી ૨૭ વર્ષીય યુવતીને અજાણ્યા શખ્સે પોતે એક્સિસ બેંકમાંથી બોલતો હોવાનુ જણાવી ક્રેડિટ કાર્ડ પર લાગતા માસિક ચાર્જ બંધ કરાવવાના બહાને સાયબર છેતરપિંડી આચર્યાની ફરિયાદ સામે આવી છે. ઠગબાજે યુવતીને એક લિંક મોકલી તેના મારફતે બેંક તથા ક્રેડિટ કાર્ડની વિગતો અને ઓટીપી મેળવી લીધા બાદ રૂ. ૨,૬૨,૯૫૨ની રકમની ટ્રાન્ઝેક્શન કરવાનો પ્રયાસ કર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ, અંકલેશ્વર જીઆઈડીસીની એક કંપનીમાં મેનેજમેન્ટ ટ્રેની તરીકે નોકરી કરતી યુવતીને તા. ૧૯ સપ્ટેમ્બરના રોજ બપોરે અજાણ્યા મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો. શખ્સે એક્સિસ બેંકમાંથી બોલતો હોવાનુ કહી યુવતીના ક્રેડિટ કાર્ડ પર દર મહિને રૂ.૨૦૦૦નો ચાર્જ લાગતો હોવાનું જણાવ્યું હતું. આ ચાર્જ બંધ કરાવવાના બહાને ઠગબાજે યુવતીના મોબાઈલ પર બેન્કની એક એપની લિંક મોકલી હતી. યુવતીએ લિંક ખોલતા એક્સિસ બેંક જેવી દેખાતી વેબસાઈટ ખુલતા તેમાં સીપીપી ડિએક્ટિવેટ કરવા માટેની પ્રક્રિયા હોવાનું જણાયું હતું. ત્યારબાદ ઠગબાજે ક્રેડિટ કાર્ડ સહિતની વિગતો ભરાવી અને મોબાઈલ પર આવેલો ઓટીપી પણ મેળવ્યો હતો.

આ સમગ્ર પ્રક્રિયા બાદ યુવતીને ૨૪ કલાક માટે ક્રેડિટ કાર્ડ બંધ રહેશે અને ત્યારબાદ ઈ-મેલ આવશે તેમ જણાવાયું હતું. બીજા દિવસે બેંકની મોબાઈલ એપ ચેક કરતાં એમેઝોન પે મારફતે રૂ.૨,૬૨,૯૫૨નું ટ્રાન્ઝેક્શન ઈન પ્રોસેસ હોવાનું જણાયું હતું.

આથી યુવતીએ તાત્કાલિક બેંકના કસ્ટમર કેરનો સંપર્ક કરતાં સમગ્ર મામલો ફ્રોડ હોવાનું જાણવા મળ્યું હતું. બનાવ અંગે અંકલેશ્વર પોલીસમથકે ફરિયાદ નોંધાવી સાયબર છેતરપિંડી કરનાર અજાણ્યા શખ્સ સામે તપાસ હાથ ધરવામાં આવી છે.

## ઉચ્છલના નારણપુર નજીક ટ્રક અડફેટે બાઈક ચાલકનું મોત

વ્યારાઃ ઉચ્છલના નારણપુર પાસે ટ્રકની અડફેટે બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ ઉચ્છલ-નિઝર હાઈવે પર નારણપુર ગામ નજીક ગત તા.21-9-2026ના રોજ બપોરના અરસામાં એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં એક બાઈક ચાલક પૂરઝડપે આવતી ટ્રક નં.(MH 04 JU 1480)ની અડફેટે આવી જતાં બાઈક ચાલક અમિતભાઈ શિવાજીભાઈ વસાવા (ઉ.વ.35) (રહે.,ટોકરવા, તા.ઉચ્છલ)નું ઘટના સ્થળે કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માતની જાણ થતાં જ ઉચ્છલ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## અંકલેશ્વર રેલવે સ્ટેશન નજીક જુગાર રમતા ૧૮ ઝડપાયા

**રોકડ** સહિત રૂ.૮૭,૬૮૦નો મુદ્દામાલ જપ્ત કરાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેરમાં જુગારની પ્રવૃત્તિ સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી રેલવે સ્ટેશન નજીક ટાંકી ફળિયામાં પત્તા વડે હાર-જીતનો જુગાર રમતા ૧૮ ઈસમને ઝડપી પાડ્યા હતા. અંકલેશ્વર શહેર ‘એ’ ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે, ટાંકી ફળિયામાં રમેશ શંકર વસાવા પોતાના રહેણાક મકાન પાછળ બનાવેલા પતરાના શેડમાં બહારથી લોકોને બોલાવી આર્થિક ફાયદા માટે પત્તા વડે જુગાર રમાડે છે. બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી સ્થળ પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પતરાના શેડમાં ગોળ કુંડાળું બનાવી પત્તા વડે જુગાર રમતા ૧૮ ઈસમને સ્થળ પરથી ઝડપી પાડવામાં આવ્યા હતા.

પોલીસે અંગજડતીમાંથી રૂ.૪૪,૫૦૦, જુગારના દાવ પરના રૂ.૩,૬૮૦ તથા અન્ય રૂ.૪૦૦૦ મળી કુલ રૂ.૫૨,૧૮૦ રોકડ કબજે કરી હતી. ઉપરાંત જુદી-જુદી કંપનીના આઠ મોબાઈલ ફોન, જેની કુલ કિં. રૂ.૩૫,૫૦૦ હોવાનું જણાવાયું છે, તેમજ પત્તાં અને જુગાર રમવાનાં અન્ય સાધનો મળી કુલ રૂ.૮૭,૬૮૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ઝડપાયેલા ૧૮ ઈસમમાં રમેશ શંકર વસાવા, કમલેશ અંબુ પટેલ, પરસોત્તમ શંકર વસાવા, ભલા છીતુ રાઠોડ, રણજીત દાઉદ વસાવા, રામસીંગ ગંભીર વસાવા, માનવ દેવીદાસ ખત્રી, પિયુશ અમૃતલાલ ઈન્દ્રોડીયા, અનુ ઠાકોર વસાવા, સાકીર મીરસાબ કુરદ, સુરેશ જયંતી વસાવા, મોહમદ જાહીદ અલ્લાદ્દીન મન્સુરી, આરીફ તસ્બર શેખ, સુનીલ પરસોત્તમ ભોજવાણી, યાકુબ અયુબ શેખ, યુસુફ ઈસ્માઈલ સૈયદ, લુકમાન મુનીર બેગ અને મનસારામ શંકર ભાલસેનો સમાવેશ થાય છે.

### સુડોકુ ૬૩૬૫ ‘ક્રુષ્ટિ’

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | ૬ | ૭ | | ૫ | | |
| ૨ | | ૩ | | | ૫ | ૭ | | |
| | ૫ | ૭ | ૨ | ૮ | | | | ૧ |
| ૪ | ૬ | ૫ | | ૩ | | | ૭ | |
| | | | ૫ | | | | ૯ | |
| | ૩ | ૧ | | | | ૬ | ૪ | ૫ |
| | ૪ | | | ૯ | | ૨ | ૫ | ૭ |
| | ૭ | | | ૫ | | | | |
| | | ૯ | | | | ૩ | ૧ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ-૬૩૬૪ ઉકેલ

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ઇંદ્રિયની નબળાઇ

પીપળાના ફળ, મૂળની છાલ, કુમળા પાન, અગ્ર કલિકા સરખા ભાગે લઈ સૂકવી, વાટી ચૂર્ણ કરવું. રોજ સવાર અને સાંજે, 5 ગ્રામ ચૂર્ણ સાકર , મધ અને દૂધ સાથે લેવું.

## આજનું પંચાંગ

**તા. 23/09/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિઃ** સુદઃ બારસઃ 22:51 , વામન જયંતી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસોઃ 01
**યોગ :** સુકર્મા **કરણઃ** બવ
**નક્ષત્ર :** શ્રાવણઃ 9.09 પછી ધનિષ્ઠા
**રાશિઃ** મકર (ખ.જ.) 21:57 પછી કુંભ (ગ,સ,શ,ષ)
**દિવસ :** શુભ - શ્રાવણ દ્વાદશી
**સુરતમાં સૂર્યોદય :** 06:29 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:33
**નવકારસી :** 07:17
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 10મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448, રબિઉલ આખર માસનો 11મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ :** બપોરેઃ 12.00 થી 13.30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** વેપાર ધંધામાં હરીફોથી સાવધાન રહેવું. આર્થિક રીતે નવી યોજના બને. આવક વધારવાની તક મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** બુદ્ધિ કૌશલ્ય અને હાજર જવાબીપણુ અટકેલા કામમા ગતિ લાવશે. વિદેશના કામમા કાયદાકીય મદદ મળે.

**મિથુન (ક,છ,ઘ,):** ઉધાર દેવા-દેવાનુ ટાળવુ. વેપાર-ધંધામાં નવી તક ઊભી થાય. પારિવારીક સમસ્યા સતાવે.

**કર્ક (ડ,હ,):** હાથ પરના કામ ધીરજપૂર્વક કરવો. સહકર્મીઓ પ્રતિકુળતા પેદા કરશે. અચાનક સફળતા મળે.

**સિંહ (મ,ટ,):** નોકરીમાં જવાબદારી વધે. વડીલોના પ્રશ્નો અને ખર્ચા વધે. હરીફોની હેરાનગતિ વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** મોજ-શોખ પાછળ ખર્ચા વધે. પ્રવાસ થાય. તેમજ આવક વધારવાની યોજના પાર પડશે.

**તુલા (ર,ત,):** જમીન-મકાન ખરીદ વેચની યોજનામા પ્રગતિ થાય. નોકરીમા નવી તક મળે ઊભી થાય. આવક વધે.

**વૃશ્ચિક (ન,ય,):** મહેનત અને લગતનુ ફળ મળે. અટકેલા કામ કે પ્રોજેક્ટ આગળ વધે. આર્થિક પ્રગતિથી ઉત્સાહ વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આવક વધે. નવા રોકાણ થાય. કુટુંબમા દોડધામ રહે. પારિવારીક સમસ્યાથી અશાંતિ વધશે.

**મકર (ખ,જ,):** શુભ સમાચાર મળે. પ્રવાસમા વિઘ્નો આવે. નોકરીમા જવાબદારી વધે. પડવા-વાગવાથી સાવધાન.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ગુપ્તભય સતાવે. કોર્ટ, કચેરીમ) મદદ મળે. લેવા-દેવામાં ધ્યાન રાખવું. ધાર્મિક પ્રવાસ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઉચ્ચ કક્ષાના મિત્રોનો સાત મળવાથી અચાનક અટકેલા કામ પાર પડે. નવા રોકાણ સરળ બને.

## કોઈ પણ સાલમાં 23 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું ચડપી -પડતીવાળુ રહેશે. નોકરીમાં બદલી નવા ફેરફાર હરિફો અને કાર્ય યોજનાનો સામનો વધશે. આર્થિક બાબતે સામાન્ય રહે. વેપાર-ધંધામા સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. આરોગ્ય નરમ રહે. સમાજમાં સામાન્ય રહે. ઉંમરલાયકના વિવાહ થાય.. પ્રેમ વિવાહમા વિઘ્નો આવે. સરકારી કામ, કોર્ટ, કચેરીમા ચડતી પડતી રહે. સંતાનોના અભ્યાસ કેરીયરમા પ્રગતિ થાય. મિત્રો-વડીલોની મદદ આવક વધારવાની યોજનામા મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ પાર પડશે. આધુનિક ટેક્નોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવાથી નવુ શિખવા મળે.નવા ઘર, વાહન, મકાન વગેરેની યોજના પાર પડશે. વિદેશના કામ ધીમા પડે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. મે-જૂન ઓગસ્ટ, સપ્ટેમ્બર, બુધ, શુક્રવાર 5,14,23 તારીખે નવા કામ કરવા. લીલા રંગનો ઉપયોગ વધારવો. જૂન-જુલાઇ 7,16,25 તારીખે શનિવારે નવા કામ ટાળવો. કાળો અને લાલ રંગનો ઉપયોગ ઓછો કરવો. બુધવારના ઉપાય કરતા રહેવું


### જાહેર નોટિસ

અત્રેથી GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ ૧૩૦ તથા કલમ ૬૮(૩) અન્વયે રાજ્ય વેરા અધિકારી (૩), સુરત મોબાઇલ સ્ક્વોડ દ્વારા ડ્યુટી દરમિયાન તા.૦૮/૦૩/૨૦૨૬ ના રોજ વાહન નંબર GJ06VV7616 ની અટકાયત કરેલ જેમાં કુલ બે (૨) એમ્બ્રોઇડરી મશીન હતા. સદર માલ-સામાન કરચોરીના ઈરાદાથી વહન થઈ રહેલ હોય ડીમાન્ડ ઓર્ડર MOV-11 તા.૨૫/૦૩/૨૦૨૬ના રોજ પસાર કરવામાં આવેલ. વેપારીશ્રી/ટ્રાંસપોર્ટર દ્વારા કન્વેયન્સ ફાઇન ભરીને વાહન મુક્ત કરાવેલ છે. પરંતુ સદર માલ સામાન હાલમાં સોહમ પાર્કિંગ, કડોદરા, સુરત ખાતે છે. આ માલ GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ-૧૩૦ અન્વયે જપ્ત કરેલ છે. ઉક્ત વિગતેનો માલ જે કોઈપણ વ્યક્તિ/પેઢી/કંપનીનો હોય તેઓએ આ જાહેરાતના દિન-૩માં માલની માલિકી અંગેના પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થવા જણાવવામાં આવે છે. આ જાહેરાતના દિન-૩માં ઉક્ત માલનો જો કોઈ હક દાવો કરવામાં નહીં આવે તો, GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ ૧૩૦ હેઠળ જાહેર હરાજીની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

સ્થળઃ સુરત
તા. ૨૩/૦૯/૨૦૨૬

એન. વી. દેસાઇ
રાજ્ય વેરા અધિકારી (૩),
સુરત મોબાઇલ સ્ક્વોડ,
અન્વેષણ, વિભાગ-૭, સુરત.

ક્રમાંક.માહિતી-સુરત/૬૪૪/૨૦૨૬

### જાહેર નોટિસ

અત્રેથી GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ ૧૩૦ તથા કલમ ૬૮(૩) અન્વયે સુરત રેલવે સ્ટેશન (ટ્રેન નો. ૧૨૨૧૫) થી તા.૦૩/૦૮/૨૦૨૬ ના રોજ પાન મસાલા અને તંબાકુ માલની અટકાયત કરેલ. સદર માલ-સામાન કરચોરીના ઈરાદાથી વહન થઈ રહેલ હોય ડીમાન્ડ ઓર્ડર MOV-11 તા.૨૦/૮/૨૦૨૬ના રોજ પસાર કરવામાં આવેલ. સદર માલ સામાન હાલમાં સોહમ પાર્કિંગ, કડોદરા, સુરત ખાતે છે. આ માલ GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ-૧૩૦ અન્વયે જપ્ત કરેલ છે. આજ દિન સુધી કોઈ વ્યક્તિ/પેઢી/કંપનીએ માલની માલિકીનો દાવો કરેલ નથી. ઉક્ત વિગતેનો માલ જે કોઈપણ વ્યક્તિ/પેઢી/કંપનીનો હોય તેઓએ આ જાહેરાતના દિન-૩માં માલની માલિકી અંગેના પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થવા જણાવવામાં આવે છે. આ જાહેરાતના દિન-૩માં ઉક્ત માલનો જો કોઈ હક દાવો કરવામાં નહીં આવે તો, GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ ૧૩૦ હેઠળ જાહેર હરાજીની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

સ્થળઃ સુરત
તા. ૨૩/૦૯/૨૦૨૬

એન. વી. દેસાઇ
રાજ્ય વેરા અધિકારી (૩),
સુરત મોબાઇલ સ્ક્વોડ,
અન્વેષણ, વિભાગ-૭, સુરત.

ક્રમાંક.માહિતી-સુરત/૬૪૫/૨૦૨૬

### જાહેર નોટિસ

અત્રેથી GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ ૧૩૦ તથા કલમ ૬૮(૩) અન્વયે રાજ્ય વેરા અધિકારી (૩), સુરત મોબાઇલ સ્ક્વોડ દ્વારા ડ્યુટી દરમિયાન તા.૧૭/૦૪/૨૦૨૬ ના રોજ વાહન નંબર MH04LQ7262 ની અટકાયત કરેલ જેમાં કાપડના તાકા અને વસ્ત્રો ભરેલ હતા. સદર માલ-સામાન કરચોરીના ઈરાદાથી વહન થઈ રહેલ હોય ડીમાન્ડ ઓર્ડર MOV-11 તા.૦૪/૦૫/૨૦૨૬ના રોજ પસાર કરવામાં આવેલ. સદર વાહન અને માલ હાલમાં સોહમ પાર્કિંગ, કડોદરા, સુરત ખાતે છે. આ માલ GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ-૧૩૦ અન્વયે જપ્ત કરેલ છે. જેમાંથી હાલમાં ફક્ત માલની હરાજી કરવાની થતી હોય ઉક્ત વિગતેનો માલ જે કોઈપણ વ્યક્તિ/પેઢી/કંપનીનો હોય તેઓએ આ જાહેરાતના દિન-૩માં માલની માલિકી અંગેના પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થવા જણાવવામાં આવે છે. આ જાહેરાતના દિન-૩માં ઉક્ત માલનો જો કોઈ હક દાવો કરવામાં નહીં આવે તો, GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ-૧૩૦ હેઠળ જાહેર હરાજીની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

સ્થળઃ સુરત
તા. ૨૩/૦૯/૨૦૨૬

એન. વી. દેસાઇ
રાજ્ય વેરા અધિકારી (૩),
સુરત મોબાઇલ સ્ક્વોડ,
અન્વેષણ, વિભાગ-૭, સુરત.

ક્રમાંક.માહિતી-સુરત/૬૪૨/૨૦૨૬

### જાહેર નોટિસ

અત્રેથી GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ ૧૩૦ તથા કલમ ૬૮(૩) અન્વયે રાજ્ય વેરા અધિકારી (૩), સુરત મોબાઇલ સ્ક્વોડ દ્વારા ડ્યુટી દરમિયાન તા.૨૨/૦૫/૨૦૨૬ ના રોજ વાહન નંબર KA569170 ની અટકાયત કરેલ જેમાં PET BOTTLE SCRAP (HSN: 39159042) હતો. સદર માલ-સામાન કરચોરીના ઈરાદાથી વહન થઈ રહેલ હોય ડીમાન્ડ ઓર્ડર MOV-11 તા.૦૬/૦૬/૨૦૨૬ના રોજ પસાર કરવામાં આવેલ. વેપારીશ્રી/ટ્રાંસપોર્ટર દ્વારા કન્વેયન્સ ફાઇન ભરીને વાહન મુક્ત કરાવેલ છે. પરંતુ સદર માલ સામાન હાલમાં સોહમ પાર્કિંગ, કડોદરા, સુરત ખાતે જપ્ત કરેલ છે. આ માલ GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ-૧૩૦ અન્વયે જપ્ત કરેલ છે. ઉક્ત વિગતેનો માલ જે કોઈપણ વ્યક્તિ/પેઢી/કંપનીનો હોય તેઓએ આ જાહેરાતના દિન-૩માં માલની માલિકી અંગેના પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થવા જણાવવામાં આવે છે. આ જાહેરાતના દિન-૩માં ઉક્ત માલનો જો કોઈ હક દાવો કરવામાં નહીં આવે તો, GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ ૧૩૦ હેઠળ જાહેર હરાજીની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

સ્થળઃ સુરત
તા. ૨૩/૦૯/૨૦૨૬

એન. વી. દેસાઇ
રાજ્ય વેરા અધિકારી (૩),
સુરત મોબાઇલ સ્ક્વોડ,
અન્વેષણ, વિભાગ-૭, સુરત.

ક્રમાંક.માહિતી-સુરત/૬૪૩/૨૦૨૬

### જાહેર નોટિસ

અત્રેથી GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ ૧૩૦ તથા કલમ ૬૮(૩) અન્વયે રાજ્ય વેરા અધિકારી (૩), સુરત મોબાઇલ સ્ક્વોડ દ્વારા ડ્યુટી દરમિયાન તા.૧૯/૦૫/૨૦૨૬ ના રોજ વાહન નંબર KA568557 ની અટકાયત કરેલ જેમાં PET BOTTLE SCRAP (HSN: 39159042) હતો. સદર માલ-સામાન કરચોરીના ઈરાદાથી વહન થઈ રહેલ હોય ડીમાન્ડ ઓર્ડર MOV-11 તા.૦૬/૦૬/૨૦૨૬ના રોજ પસાર કરવામાં આવેલ. વેપારીશ્રી/ટ્રાંસપોર્ટર દ્વારા કન્વેયન્સ ફાઇન ભરીને વાહન મુક્ત કરાવેલ છે. પરંતુ સદર માલ હાલમાં સોહમ પાર્કિંગ, કડોદરા, સુરત ખાતે છે. આ માલ GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ-૧૩૦ અન્વયે જપ્ત કરેલ છે. ઉક્ત વિગતેનો માલ જે કોઈપણ વ્યક્તિ/પેઢી/કંપનીનો હોય તેઓએ આ જાહેરાતના દિન-૩માં માલની માલિકી અંગેના પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થવા જણાવવામાં આવે છે. આ જાહેરાતના દિન-૩માં ઉક્ત માલનો જો કોઈ હક દાવો કરવામાં નહી આવે તો, GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ ૧૩૦ હેઠળ જાહેર હરાજીની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

સ્થળઃ સુરત
તા. ૨૩/૦૯/૨૦૨૬

એન. વી. દેસાઇ
રાજ્ય વેરા અધિકારી (૩),
સુરત મોબાઇલ સ્ક્વોડ,
અન્વેષણ, વિભાગ-૭, સુરત.

ક્રમાંક.માહિતી-સુરત/૬૪૦/૨૦૨૬

### જાહેર નોટિસ

અત્રેથી GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ ૧૩૦ તથા કલમ ૬૮(૩) અન્વયે રાજ્ય વેરા અધિકારી (૩), સુરત મોબાઇલ સ્ક્વોડ દ્વારા ડ્યુટી દરમિયાન તા.૨૫/૧૨/૨૦૨૪ ના રોજ વાહન નંબર KA22AA3315 ની અટકાયત કરેલ જેમાં PET BOTTLE SCRAP (HSN: 39159042) હતો. સદર માલ-સામાન કરચોરીના ઈરાદાથી વહન થઈ રહેલ હોય ડીમાન્ડ ઓર્ડર MOV-11 પસાર કરવામાં આવેલ. વેપારીશ્રી/ટ્રાંસપોર્ટર દ્વારા કન્વેયન્સ ફાઇન ભરીને વાહન મુક્ત કરાવેલ છે. પરંતુ સદર માલ હાલમાં સોહમ પાર્કિંગ, કડોદરા, સુરત ખાતે જપ્ત કરેલ છે. આ માલ GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ-૧૩૦ અન્વયે જપ્ત કરેલ છે. ઉક્ત વિગતેનો માલ જે કોઈપણ વ્યક્તિ/પેઢી/કંપનીનો હોય તેઓએ આ જાહેરાતના દિન-૩માં માલની માલિકી અંગેના પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થવા જણાવવામાં આવે છે. આ જાહેરાતના દિન-૩માં ઉક્ત માલનો જો કોઈ હક-દાવો કરવામાં નહી આવે તો, GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ ૧૩૦ હેઠળ જાહેર હરાજીની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

સ્થળઃ સુરત
તા. ૨૩/૦૯/૨૦૨૬

એન. વી. દેસાઇ
રાજ્ય વેરા અધિકારી (૩),
સુરત મોબાઇલ સ્ક્વોડ,
અન્વેષણ, વિભાગ-૭, સુરત.

ક્રમાંક.માહિતી-સુરત/૬૪૧/૨૦૨૬

### જાહેર નોટિસ

અત્રેથી GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ ૧૩૦ તથા કલમ ૬૮(૩) અન્વયે રાજ્ય વેરા અધિકારી (૩), સુરત મોબાઇલ સ્ક્વોડ દ્વારા ડ્યુટી દરમિયાન તા.૨૦/૦૩/૨૦૨૬ ના રોજ વાહન નંબર AR20D2121 ની અટકાયત કરેલ જેમાં IMITATION JEWELLERY (HSN: 7117) માલ બિલ, ઈ-વે બિલ વગર વહન થતો હતો. સદર માલ-સામાન કરચોરીના ઈરાદાથી વહન થઈ રહેલ હોય ડીમાન્ડ ઓર્ડર MOV-11 પસાર કરવામાં આવેલ. વેપારીશ્રી/ટ્રાંસપોર્ટર દ્વારા કન્વેયન્સ ફાઇન ભરીને વાહન મુક્ત કરાવેલ છે. પરંતુ સદર માલ હાલમાં સોહમ પાર્કિંગ, કડોદરા, સુરત ખાતે જપ્ત કરેલ છે. આ માલ GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ-૧૩૦ અન્વયે જપ્ત કરેલ છે. ઉક્ત વિગતેનો માલ જે કોઈપણ વ્યક્તિ/પેઢી/કંપનીનો હોય તેઓએ આ જાહેરાતના દિન-૩માં માલની માલિકી અંગેના પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થવા જણાવવામાં આવે છે. આ જાહેરાતના દિન-૩માં ઉક્ત માલનો જો કોઈ હક-દાવો કરવામાં નહીં આવે તો, GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ ૧૩૦ હેઠળ જાહેર હરાજીની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

સ્થળઃ સુરત
તા. ૨૩/૦૯/૨૦૨૬
ક્રમાંકઃ માહિતી-સુરત/૬૩૮/૨૦૨૬

એન. વી. દેસાઇ
રાજ્ય વેરા અધિકારી (૩),
સુરત મોબાઇલ સ્ક્વોડ,
અન્વેષણ, વિભાગ-૭, સુરત.

### ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કનાઈલ સિટી લિમિટેડ

FIT INDIA

ગુજરાત સરકારની માલિકીની કંપની
CIN: U75143GJ2015SGC083828
ડીસીએલ ઓફિસ બિલ્ડીંગ, બ્લોક નં. ૧૭૭, રે.સ.નં.૧૧૧/એ૧,
મોજે-ખજોદ, તા. ચોર્યાસી, જી.સુરત-૩૯૫૦૦૭.
ટેન્ડર નોટીસ (ઓનલાઈન) નં.જીએમ(પી.&ડી.)/ડીસીએલ/૦૪/૨૦૨૬-૨૭

ડ્રીમ સિટી લિમિટેડ દ્વારા નીચે દર્શાવેલ કામ માટે માન્ય કોન્ટ્રાક્ટર/ એજન્સી/ કન્સલ્ટન્ટ પાસેથી https://smctender.nprocure.com પર ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામની વિગત | કામની સંખ્યા | અંદાજીત રકમ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧ | ડ્રીમ સિટી વિસ્તારમાં સી.સી. રોડ ડેવલપ કરવાની કામગીરી માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી સર્વિસ પૂરી પાડવાની કામગીરી (ત્રીજો પ્રયાસ). | ૦૧ | - |

વિગતવાર ટેન્ડર નોટીસ https://www.dreamcitysurat.in પર ઉપલબ્ધ છે.

નં. ડ્રીમસિટી/એડ./૦૪/૨૦૨૬-૨૭
તા. ૨૨/૦૯/૨૦૨૬

જનરલ મેનેજર (પી. એન્ડ ડી.)
ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કનાઈલ સિટી લિમિટેડ

### જાહેર નોટિસ

અત્રેથી GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ ૧૩૦ તથા કલમ ૬૮(૩) અન્વયે રાજ્ય વેરા અધિકારી (૩), સુરત મોબાઇલ સ્ક્વોડ દ્વારા ડ્યુટી દરમિયાન તા.૦૮/૦૩/૨૦૨૬ ના રોજ વાહન નંબર GJ01CX6742 ની અટકાયત કરેલ જેમાં કુલ બે (૨) એમ્બ્રોઇડરી મશીન હતા. સદર માલ-સામાન કરચોરીના ઈરાદાથી વહન થઈ રહેલ હોય ડીમાન્ડ ઓર્ડર MOV-11 તા.૨૫/૦૩/૨૦૨૬ના રોજ પસાર કરવામાં આવેલ. વેપારીશ્રી/ટ્રાંસપોર્ટર દ્વારા કન્વેયન્સ ફાઇન ભરીને વાહન મુક્ત કરાવેલ છે. પરંતુ સદર માલ સામાન હાલમાં સોહમ પાર્કિંગ, કડોદરા, સુરત ખાતે છે. આ માલ GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ-૧૩૦ અન્વયે જપ્ત કરેલ છે. ઉક્ત વિગતેનો માલ જે કોઈપણ વ્યક્તિ/પેઢી/કંપનીનો હોય તેઓએ આ જાહેરાતના દિન-૩માં માલની માલિકી અંગેના પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થવા જણાવવામાં આવે છે. આ જાહેરાતના દિન-૩માં ઉક્ત માલનો જો કોઈ હક દાવો કરવામાં નહીં આવે તો, GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ ૧૩૦ હેઠળ જાહેર હરાજીની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

સ્થળઃ સુરત
તા. ૨૩/૦૯/૨૦૨૬
ક્રમાંકઃ માહિતી-સુરત/૬૩૯/૨૦૨૬

એન. વી. દેસાઇ
રાજ્ય વેરા અધિકારી (૩),
સુરત મોબાઇલ સ્ક્વોડ,
અન્વેષણ, વિભાગ-૭, સુરત.

### જાહેર નોટિસ

અત્રેથી GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ની કલમ ૧૩૦ તથા કલમ ૬૮(૩) અન્વયે રાજ્ય વેરા અધિકારી (૩), સુરત મોબાઇલ સ્ક્વોડ દ્વારા ડ્યુટી દરમિયાન તા.૨૦/૦૩/૨૦૨૬ ના રોજ વાહન નંબર MH01FE3344 ની અટકાયત કરેલ જેમાં MIXED GOODS (PARCHURAN) માલ બિલ, ઈ-વે બિલ વગર વહન થતો હતો. સદર માલ-સામાન કરચોરીના ઈરાદાથી વહન થઈ રહેલ હોય ડીમાન્ડ ઓર્ડર MOV-11 પસાર કરવામાં આવેલ. વેપારીશ્રી/ટ્રાંસપોર્ટર દ્વારા કન્વેયન્સ ફાઇન ભરીને વાહન મુક્ત કરાવેલ છે. પરંતુ સદર માલ હાલમાં સોહમ પાર્કિંગ, કડોદરા, સુરત ખાતે જપ્ત કરેલ છે. આ માલ GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ-૧૩૦ અન્વયે જપ્ત કરેલ છે. ઉક્ત વિગતેનો માલ જે કોઈપણ વ્યક્તિ/પેઢી/કંપનીનો હોય તેઓએ આ જાહેરાતના દિન-૩માં માલની માલિકી અંગેના પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થવા. જણાવવામાં આવે છે. આ જાહેરાતના દિન-૩માં ઉક્ત માલનો જો કોઈ હક-દાવો કરવામાં નહી આવે તો, GGST ACT-૨૦૧૭ અને CGST ACT-૨૦૧૭ ની કલમ ૧૩૦ હેઠળ જાહેર હરાજીની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

સ્થળઃ સુરત
તા. ૨૩/૦૯/૨૦૨૬
ક્રમાંકઃ માહિતી-સુરત/૬૩૭/૨૦૨૬

એન. વી. દેસાઇ
રાજ્ય વેરા અધિકારી (૩),
સુરત મોબાઇલ સ્ક્વોડ,
અન્વેષણ, વિભાગ-૭, સુરત.